# <u>સાહેબજીના રંગમાં રે</u>

મેં તો નિરખ્યા અક્ષરધામમાં સંતભગવંતને
હું તો રાસ રમતાં નાચી સાહેબજીના રંગમાં રે... ૦

મેં તો દીઠા સંતો ભક્તોમાં વ્હાલા સંતભગવંતને
હું તો ભજન ભક્તિમાં રાચું સાહેબજીના રંગમાં રે... ૦

મેં તો જોયા હસતાં ફૂલોમાં વ્હાલા સંતભગવંતને
હું તો અખંડ આનંદમાં રાચું સાહેબજીના રંગમાં રે... ૦

મેં તો સાંભળ્યા મોરના ટહુકામાં વ્હાલા સંતભગવંતને
હું તો તારા સ્મિતે હરખાઉં સાહેબજીના રંગમાં રે... ૦

રચયિતા : ડૉ. સ્મિતાબેન (USA)